| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૬/૦૨/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૨૬/૦૨/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૮ |

**રાજકોટના મહે. છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૬૦૪/૨૦૨૬**

**આંક-૪**

**અરજદાર/ આરોપી**

**મુસ્તાક ગુલામહુસેનભાઈ ચાવડા,**
ઉ.વ.-૪૦, ધંધો-વેપાર,
રહે. સર લાખાજીરાજ, શ્રમજીવી સોસાયટી,
શેરી નં.૫, દુધસાગર રોડ, રાજકોટ.

**વિરૂધ્ધ**

**સામાવાળા**

**શ્રી સરકાર**

**બાબત: પાસપોર્ટ ઈસ્યુ કરવા પરવાનગી આપવા અંગે**

---

**અરજદાર તરફે :- વિધ્વાન વકીલ શ્રી એચ.એમ.હેરંજા**
**સામાવાળા તરફે :- વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એસ.ગોગીયા**

---

**:: ચુકા દો ::**

(૦૧) આ કામે અરજદાર વિરૂદ્ધ રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૬૨૦૧૧૦૮/૨૦૨૦ થી ઈ.પી.કોડ કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮,૧૪૯ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે સેશન્સ કેસ નં. ૧૮૯/૨૦૨૧ થી અત્રેની કોર્ટમાં પેન્ડીંગ હોય અને તે ગુનાના કામે અરજદાર આરોપીને નામ. સેશન્સ કોર્ટે આગોતરા જામીન ઉપર મુક્ત કરેલ છે. હાલ અરજદારને વિદેશ યાત્રાએ જવાનું હોય પાસપોર્ટ કઢાવવાની જરૂરીયાત હોય તેના માટે પાસપોર્ટ ઓથોરીટીને પાસપોર્ટ ઈસ્યુ કરવા પરવાનગી આપવા હાલની અરજી દાખલ કરેલ છે.

(૦૨) અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કરતા સામાવાળા તરફે નોટીસ બજી જતા વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે. ત્યારબાદ બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૦૩) અરજદાર તરફે મુખ્યત્વે એવી રજુઆત છે કે, અરજદાર વિરૂદ્ધ રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૬૨૦૧૧૦૮/૨૦૨૦ થી ઈ.પી.કોડ કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮,૧૪૯ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ જેનો સેશન્સ કેસ નં. ૧૮૯/૨૦૨૧ થી અત્રેની કોર્ટમાં પેન્ડીંગ છે. સદર ગુનાના કામે અરજદાર/આરોપીને નામ. સેશન્સ કોર્ટ દ્વારા ફો.પ.અરજી નં. ૧૫૮૩/૨૦૨૦ ના કામમાં આગોતરા જામીન ઉપર મુક્ત કરેલા છે. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીને ધર્મના કામે હજ/ મક્કા મદીના યાત્રાના સંદર્ભે વિદેશ જવાનું હોવાથી પાસપોર્ટની પ્રથમ આવશ્યકતા હોય અરજદાર પોતાના નામનો પાસપોર્ટ મેળવવા માંગે છે પરંતુ અરજદાર/આરોપી વિરૂદ્ધ ઉપરોક્ત સેશન્સ કેસ પેન્ડીંગ છે. આ કેસ ચાલતા ઘણોં સમય લાગે તેમ છે. અરજદાર ભારતના નાગરીક છે અને પાસપોર્ટ મેળવવો એ તેમનો બંધારણિય અધિકાર છે. પાસપોર્ટ એક્ટની જોગવાઈ તથા આ અંગે કેન્દ્ર સરકારના નોટીફીકેશન્સ જોતા કોઈપણ નાગરીક સામે ફોજદારી કેસ પેન્ડીંગ હોય અને તે પરદેશ જવા

નામ. કોર્ટ માંથી પરવાનગી મેળવે ત્યારે પાસપોર્ટ ઓથોરીટી પાસપોર્ટ ઈસ્યુ/રીન્યુ કરી શકે. આમ, અરજદાર/ આરોપી સામે ઉપરોક્ત સેશન્સ કેસ પેન્ડીંગ હોય અને અરજદારની તેમના નામજોગ નો પાસપોર્ટ ઈસ્યુ કરાવવા માંગતા હોય તેથી હાલની અરજી કરેલ છે અને પાસપોર્ટ ઈસ્યુ કરવાની પરવાનગી આપતી વખતે નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું ચુસ્તપણે પાલન કરવાની બાંહેધરી તેઓ આપે છે. તે તમામ સંજોગોમાં આ ગુનાના કામે પાસપોર્ટ ઈસ્યુ કરવા સંબંધે પાસપોર્ટ ઓથોરીટીને પરવાનગી આપવા માંગણી કરેલ છે. અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં ***૨૦૦૩ (૧) જી.એલ.એચ. પાના નં. –૧, ધીરેન બક્ષી વિરૂદ્ધ રીજીયોનલ પાસપોર્ટ ઓફીસર, અમદાવાદ***ના કેસમાં પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત પર આધાર રાખેલ છે અને પાસપોર્ટ ઓથોરીટીને અરજદારના નામનો પાસપોર્ટ ઈસ્યુ કરવા પરવાનગી આપવા હુકમ કરવા અરજ કરેલ છે.

અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરી તેના ઉપર આધાર રાખેલ છે.

૧. નામ. ગુજરાત હાઈકોર્ટ આર./સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૩૪૬૦/૨૦૨૫ વિપુલભાઈ ચંદુલાલ ઠક્કર વિરૂદ્ધ ધી રીજીઓનલ પાસપોર્ટ ઓફીસ.

૨. નામ. ગુજરાત હાઈકોર્ટ આર./સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૩૨૮૯/૨૦૨૫ હર્ષ મહેશ તન્ના વિરૂદ્ધ ધી સ્ટેટ ઓફ ગુજરાત અને બીજા.

(૦૪) સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર વિરુદ્ધ નામ. અત્રેની અદાલત સમક્ષ **સેશન્સ કેસ પેન્ડીંગ** છે અને કેસ ટ્રાયલની પ્રક્રિયામાં છે. આવી પરિસ્થિતિમાં અરજદારને પાસપોર્ટ ઈસ્યુ કરવાની પરવાનગી આપવી કોર્ટની પ્રક્રિયાને અસરકારક બની શકે છે. વધુમાં અરજદાર દ્વારા તેમની અરજીમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે તેમને **ધાર્મિક યાત્રા (હજ) કરવા માટે મક્કા–મદીના જવાનું થઈ શકે છે**, પરંતુ અરજદાર દ્વારા કોઈ **ચોક્કસ તારીખ, સત્તાવાર નોંધણી, યાત્રા સંબંધિત દસ્તાવેજો અથવા કાર્યક્રમ** રજૂ કરવામાં

આવેલ નથી. તેથી આ કારણ માત્ર અનુમાન આધારિત છે. માત્ર સંભાવના દર્શાવવી પૂરતી ગણાવી શકાય નહીં. જો અરજદાર ખરેખર યાત્રા કરવા ઇચ્છે છે તો તે માટે જરૂરી **પ્રમાણભૂત દસ્તાવેજો સાથે યોગ્ય સમયે અલગ અરજી** કરી શકે છે. હાલની સ્થિતિમાં, જ્યારે અરજદાર વિરૂદ્ધ સેશન્સ કેસની ટ્રાયલ પેન્ડીંગ છે, ત્યારે હાલના અરજદાર/આરોપીને પાસપોર્ટ ઈસ્યુ કરવા માટે પરવાનગી આપવાનો હુકમ કરવામાં આવશે તો આરોપી વિદેશ જતા રહેશે અને તેઓ નાસી ભાગી જાય તેવી પુરી શક્યતા રહેલી છે. તેથી તેમના નામનો પાસપોર્ટ ઈસ્યુ કરી આપવા હુકમ નહીં કરવા અને તેઓની અરજી ખર્ચસહ નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૦૫) આ કામે અરજદારની અરજી, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજ, કેસ પેપર્સ તથા ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધેલ છે.

(૦૬) આ કામે કેસનું રેકર્ડ જોતા અરજદાર તરફથી એ હકીકત નિર્વિવાદ છે કે, હાલના અરજદાર સામે ઉપરોક્ત કેસ કોર્ટમાં પેન્ડીંગ છે અને પાસપોર્ટ એક્ટની જોગવાઈ મુજબ જ્યારે અરજદાર સામે ક્રિમીનલ કેસ પેન્ડીંગ હોય અને અરજદાર તેમના નામ જોગ પાસપોર્ટ મેળવવા માંગતા હોય કે પાસપોર્ટ રીન્યુ કરાવવા માંગતા હોય તો સક્ષમ અદાલતની પરવાનગી અંગેનો હુકમ મેળવવો જરૂરી છે. આ અનુસંધાને નામ. હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો ૨૦૦૩(૧) જી.એલ.એચ. પાના નં.-૧ ધીરેન બક્ષી વિ. રીજીયોનલ પાસપોર્ટ ઓફીસર, અમદાવાદ નો કેસ વંચાણે લેતા તેના પારા -૧૦ માં નામ. ગુજરાત હાઈકોર્ટે પાસપોર્ટ એક્ટ-૧૯૬૭ ની કલમ ૬(૨) (એફ) તથા ***Deepak Dwarkasingh Chhabria V/s. Union of India, AIR 1997 Bombay 181*** ના ચુકાદા પ્રમાણે કેન્દ્ર સરકારના તારીખ ૧૬-૦૮-૨૦૦૯ તથા તા. ૨૫-૦૮-૧૯૯૩ ના નોટીફીકેશન બાબતે વિસ્તૃત છણાવટ કરેલ છે તે ધ્યાને લીધેલ છે.

ઉપરોકત ચુકાદામાં એવું કરાવવામાં આવેલ છે કે જ્યારે કોઈપણ નાગરીક સામે કોઈપણ ફોજદારી કેસ પેન્ડીંગ હોય અને તે પરદેશ જવા માટે કોર્ટ માંથી પરવાનગી મેળવે ત્યારે પાસપોર્ટ ઓથોરીટીને સરકારશ્રીના તારીખ ૧૬/૦૮/૨૦૦૯ તથા તા. ૨૫/૦૮/૧૯૯૩ ના નોટીફીકેશનમાં જણાવેલ શરતો મુજબ પાસપોર્ટ ઈસ્યુ કરી શકાશે. આમ

હાલના અરજદારે ઉપર જણાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ કોર્ટની પરવાનગી લેવી જરૂરી હોય તે હકીકત તથા આરોપી સામેના કેસની હકીકત, ગુનાનું સ્વરૂપ તથા અરજીની હકીકતો કે અરજદાર સામે ઉપરોક્ત કેસ આ કોર્ટમાં પેન્ડીંગ છે અને કેસ ચાલતા ઘણોં સમય લાગે તેમ છે અને અરજદાર તેના નામજોગનો પાસપોર્ટ મેળવવા માંગતા હોય અને અરજદાર રાજકોટ મુકામે ઘણાં વર્ષોથી રહે છે અને ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી, અને પાસપોર્ટ ઈસ્યુ કરવાની પરવાનગી આપતી વખતે નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું ચુરતપણે પાલન કરવાની બાંહેધરી તેઓએ આપેલ છે, તે સંજોગોમાં અને કેસ કાર્યવાહી બીનજરૂરી વિલંબીત થાય અને અરજદાર / આરોપી તેમની કોર્ટ સમક્ષની ટ્રાયલ રામયે નાસી ભાગી ન જાય તે સંબંધે યોગ્ય શરતો મુકવાથી ફરિયાદપક્ષની ચિંતા નિવારી શકાય. આ તમામ રાંજોગો તથા ઉપરોક્ત ઓથોરીટી ધ્યાને લેતા, હાલની અરજી યોગ્ય અને વ્યાજબી શરતોને આધીન મંજુર કરવામાં આવેતો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

અરજદાર / આરોપીની હાલની અરજી નીચે મુજબની શરતો આધીન **મંજૂર** કરવામાં આવે છે.

અરજદર / આરોપી **મુસ્તાક ગુલામહુશેન ચાવડા** રહે. રાજકોટ વાળાને તેઓ દ્વારા સંબંધીત પાસપોર્ટ ઓથોરીટી સમક્ષ, પાસપોર્ટ મેળવવાની અરજી કર્યેથી પાસપોર્ટ એકટની જોગવાઈઓ તેમજ કેન્દ્ર સરકારના વખતોવખતના નીતિ-નિયમો, સરક્યુલરો તેમજ અન્ય કાયદાકિય જોગવાઈઓને બાધ ન આવે તે રીતે પાસપોર્ટ ઈસ્યુ કરવા પાસપોર્ટ ઓથોરીટીને પરવાનગી આપવામાં આવે છે અને પાસપોર્ટ ઓથોરીટીએ તેની ધારાસરની અન્ય જરૂરીયાતો પુરી થતી હોય તો અરજદાર સામે આ કોર્ટમાં સેશન્સ કેસ નંબર ૧૮૯/૨૦૨૧ પેન્ડીંગ હોય માત્ર તેટલાજ કારણસર પાસપોર્ટ ઈસ્યુ કરી આપવાની કાર્યવાહી અટકાવવી નહીં.

**// શ ર તો //**

(૧) આ કામના અરજદાર/આરોપી ના નામનો પાસપોર્ટ ઈસ્યુ કરી આપવાની કાર્યવાહી ધી પાસપોર્ટ એકટ–૧૯૬૭ તેમજ કેન્દ્ર સરકારના વખતોવખતના નિતી–નિયમો, સરકયુલરો તેમજ

કાયદાકીય જોગવાઈઓને બાધ ન આવે તે રીતેજ ઈસ્યુ થવા પાત્ર હોય તો ઈસ્યુ કરી આપવાનો રહેશે.

(૨) અરજદારે અસલ પાસપોર્ટ સંબંધીત પાસપોર્ટ ઓથોરીટી દ્વારા ઈસ્યુ કરી આપવામાં આવે એટલે દિન–૦૭ માં અસલ પાસપોર્ટ સેશન્સ કોર્ટના ફો.પ.અરજી નં. ૧૫૮૩/૨૦૨૦ ના આગોતરા જામીન અરજીના હુકમ મુજબ અત્રેની કોર્ટમાં જમા કરાવવાનો રહેશે.

(૩) અરજદાર જો પરદેશ જવાના હોય તો સંબંધિત કોર્ટની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં.

(૪) અરજદાર જો ઉપર મુજબની શરતો માંથી કોઈ પણ શરતનો ભંગ કરશે તો તેનો પાસપોર્ટ રદ થવાને પાત્ર રહેશે.

હુકમ આજરોજ **૧૧મી,** માહે–**માર્ચ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

**તા. ૧૧/૦૩/૨૦૨૬**

**(ઈકરામખાન બશીરખાન પઠાણ)**
**છઠ્ઠા** અધિક સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ00614)